|| श्री गणेशाय नमः ||

|| श्री: ||

|| श्री महाकाली प्रसन्नास्तु ||

|| श्रीकालिकाध्यानम् ||
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे च चर्मान्विताम्
सद्यनोद्धृतबालकामपरां मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिंहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ||

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭



**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**

વર્ષ : ૧૫ અંક : ૧૮૦ તા.૧૫-૦૧-૨૦૨૫ કિંમત : રૂ.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH




## બહુચરાજી સંમેલનમાં હાજર રહેલ મહાનુભાવો














# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,



: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો/વડીલો.

આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હું આશા રાખું છું.

તારીખ ૧ લી જાન્યુઆરી થી ૨૦૨૫ નું નવું વર્ષ શરૂ થાય છે તે બદલ સર્વે જ્ઞાતિ જનોને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

તાજેતરમાં તારીખ ૨૨-૧૨-૨૦૨૪ ના રોજ બહુચરાજી મુકામે સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના ૧૫ માં મંગલ પ્રવેશ નિમિત્તે જે કાર્યક્રમ યોજાયો તેની આહ્લાદક સફળતા બદલ આ ટ્રસ્ટના તમામ હોદેદારશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓ અને આ કાર્યક્રમમાં ભાગ લેનાર જ્ઞાતિના વિવિધ ગોળ / ઘટક ની જુદા જુદા ગામની બહેનોને પણ ધન્યવાદ આપું છું. અને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના પૂર્વ મંત્રી માયાબેન કોડનાની મેડમના પ્રભાવિત પ્રાસંગિક પ્રવચનથી જ્ઞાતિની બહેનો પ્રવચનના શબ્દો ગ્રહણ કરે અને વાસ્તવિક જીવનમાં સમાજના વિકાસ માટે તે અમલમાં મુકે તેવી તેવીવિનંતી કરું છું

વિશેષમાં સમસ્ત કંસારા સમાજના કંસારા ટાઈમ્સ જે નિયમિત મળતું નથી તેવી સામાન્ય ફરિયાદો સામે કંસારા ટાઈમ્સની અંકો નિયમિત મળે છે અને પોસ્ટ ખાતાની કદાચ બેસરકારી ને કારણે કેટલાકને નહીં મળતા હોય તેવી અભિપ્રાય સુરત નિવાસી શ્રી મનોજભાઈ મહેતા (કંસારા) કે જે આજીવન સભ્ય છે અને સુરત ખાતે સામાજિક કાર્યકર પણ છે. તેઓ શ્રી એ મને whatsapp દ્વારા મેસેજ મોકલી ને, કંસારા ટાઈમ્સ નિયમિત મળે છે તે પ્રકારનો સંતોષ વ્યક્ત કર્યો છે. આ મેસેજ વંચાણે લેતા એટલું કહી શકાય કે, સમસ્ત કંસારા સમાજના કંસારા ટાઈમ્સના અંકો નિયમિત રીતે સમાજ દ્વારા દર મહિને પોસ્ટ ખાતા દ્વારા જે તે ગામના સભ્યોની યાદી સાથે રવાના કરવામાં આવે છે. પરંતુ ક્યારેક સ્થાનિક પોસ્ટ ઓફિસની બેદરકારી ને કારણે જૂજ સંખ્યામાં આજીવન સભ્યોને કંસારા ટાઈમ્સના અંકો નહી મળતા હોય તે હકીકત સંભવિત છે.

જેથી આવા પ્રકારના કિસ્સાઓમાં સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરી જરૂર જણાયે આ બાબતમાં ફરિયાદ કરી આવી ખામીઓ દૂર કરવા સમાજને મદદ રૂપ થવા સહકાર આપવા હુ વિનતી કરું છું.

કંસારા ટાઈમ્સની આર્થિક સ્થિતિ સધ્ધર બનાવવા માટે દરેક ધંધાની જાહેરાત - સ્વૈચ્છિક ભેટ - પરિવારમાં શુભ પ્રસંગોને અનુલક્ષીને આર્થિક સહયોગ આપે તેવી દરેક ગોળ-ઘટકના કંસારા જ્ઞાતિજનો ને સર્વેને નમ્ર વિનંતી કરું છું.

સર્વે જ્ઞાતિજનોને મારા જય માતાજી - જયશ્રી કૃષ્ણ - જય શ્રી ગોપાલ - જય સ્વામિનરાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)


**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના સભ્યોનો

# ડેટાબેઈઝ સુધારણા અભિયાન

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના સભ્યો જોગ નમ્ર નિવેદન.**

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના સભ્યોનો ડેટાબેઈઝ સુધારવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તો દરેક સભ્યોને આ અભિયાનમાં સાથ-સહકાર આપવા માટે વિનંતી કરવામાં આવે છે.

સમાજના સભ્યોને તેમના ગામ/શહેરના પ્રતિનિધિ-સમાજના ટ્રસ્ટી, હોદ્દેદાર, કારોબારી સભ્ય અથવા સેવાભાવી કાર્યકર સક્રિય થઈને આ ડેટાબેઈઝ સુધારણાનું અભિયાન હાથ ધરશે.

દરેક ગામ/શહેરમાં દરેક ગોળ-ઘટકની સંસ્થાઓને પણ આ અભિયાનમાં સાથ-સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

સમાજનો આજીવન સભ્ય પોતે પણ આ અભિયાનમાં ભાગ લઈને પોતે સમાજની ઓફીસ પર લેખીત જાણ કરી શકે છે.

સમાજનો ડેટાબેઈઝ સુધારણા અભિયાન માટે ગાઈડલાઈન નીચે મુજબ રહેશે.

(૧) જે સભ્યોનું અવસાન થયેલ છે, તેમનું આજીવન સભ્યપદ રદ થયેલ ગણાશે અને તેમને કંસારા ટાઈમ્સ મોકલવામાં આવશે નહિ.

અવસાન પામેલ આજીવન સભ્યોના કુટુંબમાંથી કોઈપણ એક વ્યક્તિએ સમાજની ઓફીસે પણ લેખિત જાણ કરીને અવસાન પામેલ સભ્યની માહિતી આપી શકે છે.

આ અવસાન પામેલ આજીવન સભ્યના કુટુંબમાંથી કોઈપણ વ્યક્તિને સમાજના નવા આજીવન સભ્ય બનવા માટે વિનંતી. (શક્ય બને તો યુવાનોને સભ્ય બનાવવા).

(૨) વાર્ષિક સભ્યો/કંસારા ટાઈમ્સ ડિપોઝીટ હોલ્ડર/પેઢી/શુભેચ્છકોના નામો કમી કરવામાં આવશે. તેઓને કંસારા ટાઈમ્સ મોકલવામાં આવશે નહિ. આ કુટુંબોમાંથી નવા આજીવન સભ્યો બનાવવા વિનંતી.

(૩) દરેક આજીવન સભ્યોના નામ-સરનામાં ચેક કરવા. પિનકોડ તથા જીલ્લો અચુક લખવો.

જે સભ્યનું સરનામું બદલાયેલ હોય અથવા બીજા ગામ/શહેર રહેવા ગયા હોય, તો નવું સરનામું લખાવું. પિનકોડ તથા જીલ્લો અચુક લખવો.

(૪) એક જ નામના એકથી વધુ સભ્યપદ હોય અને એક થી વધુ કંસારા ટાઈમ્સ મળતા હોય, તો બીજું નામ ડુપ્લીકેટ બતાવી એ ડુપ્લીકેટ નામ માટે કંસારા ટાઈમ્સ બંધ કરી સકાય.

(૫) એક જ કુટુંબમાં એક થી વધુ આજીવન સભ્ય હોય તો ઘર દિઠ એકથી વધુ કંસારા ટાઈમ્સ આવતાં હોય તો એક સભ્ય સિવાય બીજા સભ્યોના નામ પર કંસારા ટાઈમ્સ નહિ મોકલવા નોંધ મુકવી.

(૬) દરેક ઘર પર કંસારા ટાઈમ્સ પહોંચે તે હેતુથી જે ઘરમાં કોઈપણ વ્યક્તિ આજીવન સભ્ય ન હોય, તે ઘરમાં આજીવન સભ્ય બનાવવા.

**તે જ રીતે**

જે કુટુંબમાં યુવા વર્ગ ધંધા-રોજગાર નિમિત્તે બહારગામ વસવાટ કરતા હોય તો તેવા દરેક યુવાનો ને આજીવન સભ્ય બનાવવા નમ્ર વિનંતી.

આ અભિયાનમાં સમાજના સર્વે જ્ઞાતિજનોએ સાથ - સહકાર આપવા વિનંતી.

**લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી**

| **શ્રી ચંદ્રકાંત કે. કંસારા** | **શ્રી મેહુલ એન. ખાખી** | **શ્રી મનિષ બી. કંસારા** |
|---|---|---|
| **(પ્રમુખ)** | **(મંત્રી)** | **(ખજાનચી)** |

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ અમદાવાદ (ગુજરાત) તા. ૨૨-૧૨-૨૦૨૪ બહુચરાજી ખાતે મહિલા સંમેલન ઉજવાયો

- સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

આદ્ય શક્તિ બેચરાજી મુકામે ઉમિયા પથિકાશ્રમ ખાતે તા. ૨૨-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ કલાકે સુધીનો મહિલા સંમેલનનો કાર્યક્રમ.

કંસારા સમાજની બધા જ ગોળ ઘટકની બહેનોનું યાદગાર સંમેલન.

ટ્રસ્ટ પોતાની સ્થાપનાના પંદરમાં વર્ષમાં નૂતન પ્રવેશ કરતા ઉજવણી રૂપે મહિલા સંમેલનનું આયોજન.

યત્ર નાર્યેસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર: દેવતા:॥ મનુસ્મૃતિ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની સાથે સાથે કંસારા સમાજના અડધા અંગ જેવી બહેનો એકઠી થાય તેમજ એક બીજા પાસેથી હિંમત આવડત અને માર્ગદર્શન-ટેકો મેળવી સમાજના વિકાસમાં સક્રિય ફાળો આપે તે હેતુથી "સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ"ની સ્થાપના વર્ષ ૨૦૧૦ માં કરવામાં આવી હતી. માનનીય શ્રી હરિશ્ચંદ્રભાઈ કંસારા અને શ્રી કાંતિભાઈ માવાણીની આગેવાની હેઠળ વર્ષ ૨૦૧૧ માં તેનું રજીસ્ટ્રેશન બોમ્બે ચેરીટેબલ ટ્રસ્ટ એકટ હેઠળ કરવામાં આવ્યું હતું. આજે ટ્રસ્ટ ૧૫ માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે તેના આનંદમાં ઉજવણીના ભાગ રૂપે મહિલા સંમલન યોજવામાં આવ્યું છે. હાલમાં સંસ્થામાં ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૨૦ ટ્રસ્ટી બહેનો દ્વારા કંસારા સમાજની બહેનોમાં જાગૃતિ ફેલાવી સંસ્થાની કામગીરી અને હેતુઓ બાબતે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવે છે. જુદા જુદા જિલ્લાના સંગઠનો સાથે મળીને કામગીરી કરે અને વિવિધ પ્રવૃત્તિઓની આપલે કરે તેવો આગ્રહ રાખવામાં આવે છે. મહિલાઓને સરકારી યોજનાની માહિતી પહોંચાડવી તેમજ બેહનોને પોતાના પગભર ઉભી રહી સ્વાવલંબી અને ઉદ્યોગ સાહસિક બને તેવી વારંવાર રજૂઆતો પણ બહેનો સમક્ષ કરવામાં આવે છે.

સંસ્થાની ૧૪ વર્ષની સફર અને સિધ્ધિઓને બિરદાવતાં બધી બહેનો સાથે મળીને આનંદથી ઉજવે અને નવું આદાન પ્રદાન કરે તે હેતુથી 'મહિલા સંમેલન' યોજાયું હતું.

સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના મહિલા સંમેલનમાં અતિથિ વિશેષ તરીકે શ્રીમતી માયાબેન કોડનાની (પૂર્વ કેબિનેટ મિનિસ્ટર, શિક્ષણ અને મહિલા બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય), કુમારી અન્નપૂર્ણાબેન કંસારા (નિવૃત્ત જજ, પ્રમુખ-ગ્રાહક સુરક્ષા કોર્ટ, સુરેન્દ્રનગર જેઓ ઉપસ્થિત રહ્યા હતા. સુ.શ્રી રેખાબેન કંસારા (પ્રમુખ-બાંસવાડા કંસારા સમાજ મહિલા મંડળ અને સામાજીક કાર્યકર્તા) રાજસ્થાન જેઓ અચાનક માંદગીને કારણે હાજર રહી શક્યા ન હતા.

રાજ્ય અને રાષ્ટ્રય કક્ષાએ એવોર્ડ વિજેતા તરીકે (૧) શ્રી પૂર્ણાબેન હેવાડ, જુનાગઢ (૨) શ્રી ધારાબેન બારમેડા, રવાપર-કચ્છ (૩) શ્રીમતી ભાવનાબેન મુકાતીવાલા, સુરત. જેમણે હાજરી આપી સંમેલનમાં મીઠા સુરા પૂર્યા.

તદ્‌ઉપરાંત સમસ્ત કંસારા સમાજના મંત્રી શ્રી મેહુલભાઈ ખાખી, ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી મણીભાઈ કંસારા, પૂર્વ પ્રમુખશ્રી બટુકભાઈ કંસારા, મંત્રી શ્રી હરેશભાઈ કંસારા, મેરેજ બ્યુરોના કન્વીનર શ્રી હસમુખભાઈ ખાખી, ડૉ. હર્ષદભાઈ ગોરડીયા, અમદાવાદ, મહેસાણાના સેવા ભાવી કાર્યકર્તા હસમુખભાઈ કંસારા, બહુચરાજીના કંસારા સમાજના વડીલ જયંતીભાઈ પાટડીયા, યુવાન કાર્યકર્તા ભાવેશભાઈ પાટડીયા, વડોદરાથી આવેલ હેમંતભાઈ કંસારાએ તેમજ અન્ય જ્ઞાતિજનોએ હાજરી આપી મહિલા સંમેલનને ચાર ચાંદ લગાવ્યા.

સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક સુધી ૫૦૦ રજીસ્ટ્રેશન કરી માહિતી મેળવી તમામ બહેનો અને આમંત્રિતોને પ્રવેશ કાર્ડ અને નાસ્તો - ભોજન કાર્ડ આપી વધાવવામાં આવ્યા. રજીસ્ટ્રેશનનું કાર્ય મહેસાણાની યુવા વીંગની બહેનો જેમાં પલ્લવીબેન, નયનાબેન, વિભાબેન, બીનાબેન, વર્ષાબેન, જલ્પાબેન, મીરલબેન પોતાનું યોગદાન આપ્યું હતું. જેમાં સામૂહિક લીસ્ટની પણ પ્રથા અપનાવવામાં આવતી હતી. જે પ્રશંસાને પાત્ર છે.

મહેસાણાથી આવેલ શીલ્પાબેન અને ભારતીબેન કંસારાએ શુભેચ્છા ભેટની નોંધ કરીને વધુને વધુ ભેટ સ્વીકારવાના પ્રયત્નો કર્યા છે. તેથી તેઓ પણ અભિનંદનને પાત્ર છે.

મહિલા મહોત્સવની શરૂઆત વિઘ્નહર્તા ગણેશજીની પ્રાર્થના અને સ્તુતિ દ્વારા સંગીતમય તાલે પ્રાંગધ્રાની એની કડવાણી અને ગોપી દંગી બંને બહેનોએ શુભ શરૂઆત કરી. સાથે સાથે મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

આવી.

સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ઉર્મિલાબેને અતિથિ વિશેષ તેમજ આમંત્રિત મહેમાનોનું તેમજ કંસારા સમાજની તમામ ગોળ-ઘટકની બહેનોને એક જ છત્રછાયામાં એકઠી કરીને તેઓને ભાવભર્યું શાબ્દીક સ્વાગત કરીને ટ્રસ્ટની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી. દરેક મંચસ્થ અતિથિ વિશેષ, એવોર્ડેડ બહેનો અને આમંત્રિત મહેમાનોનું સ્વાગત અને સન્માન સંસ્થાની ટ્રસ્ટી બહેનો દ્વારા પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટો દ્વારા કરવામાં આવ્યું.

અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલાં શ્રીમતી માયાબેન કોડનાનીએ પોતાની મીઠી વાણીમાં સમાજમાં બહેનોનું મહત્વ સમજાવી મંત્ર મુગ્ધ કરી દીધાં. બહેનોને પોતાની અંદરની શક્તિ-ભક્તિને જાગૃત કરવા આવા સંમેલનો દ્વારા સમાજના વિકાસમાં ભાગીદારી અસરકારક રીતે નોંધાવવા આહ્વાન આપ્યું હતું. પોતે ભાજપના સક્રીય કાર્યકર તરીકે હીન્દુત્વના પ્રખર હિમાયતી રહ્યાં છે. તેઓએ બહેનોને આધુનિક થવા પરંતુ પશ્ચિમનું અનુકરણ ન કરવા અને હિંદુત્વની ભાવનાને ઉજાગર કરી આવનાર પેઢીને વધુ સશક્ત બને તે રીતે પ્રયત્નો કરવા પર ભાર મુક્યો હતો. બહેનોમાં રહેલી અપાર શક્તિમાં વિશ્વાસ દાખવીને ભારતનું ભવિષ્ય ઉજ્વળ રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

અતિથિ વિશેષ કું. અન્નપૂર્ણાબેન કંસારાએ લગ્ન વિષયક, છૂટાછેડા તેમજ વિવિધ પ્રકારે સમાજ વ્યવસ્થાની વિસ્તૃત માહિતી આપી. આંતરજ્ઞાતીય લગ્નોના કારણો આપી તેને અટકાવવાનું માર્ગદર્શન પુરું પાડ્યું. સ્ત્રી ચાહે તો દરેક ક્ષેત્રે પોતાની શક્તિ કેળવી પ્રતિભા વિકસાવી શકે છે. દરેક ક્ષેત્રે આગળ વધી કુટુંબ અને સમાજનો વિકાસ કરી શકે છે.

અતિથિ વિશેષ શ્રીમાન ડૉ. સુખાજી ઠાકોર માનનીય ધારાસભ્યશ્રી, બહુચરાજી વિધાન સભા તરફથી ઉપસ્થીત રહીને બહેનોને સરકારના કે સામાજીક કોઈપણ કાર્ય માટે તેમનો સંપર્ક કરી શકે છે. બહેનો અને યુવાનોએ રોજગાર લક્ષી કામો માટે તેઓને વિના સંકોચે મળી શકે છે. અમદાવાદ, પાટણ, સુરેન્દ્રનગર, મહેસાણા અને બનાસકાંઠા વિસ્તાર-જીલ્લાના દરેક સમુદાયના લોકોના કામો સારી રીતે પાર પાડેલ છે. બહેનોને શુભેચ્છાઓ પાઠવીને તેઓની પ્રગતિમાં મદદરૂપ બનવાની ભાવના પ્રગટ કરી હતી.

રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ વિજેતા બહેનોનું સન્માન મંચસ્થ અતિથિઓ અને ટ્રસ્ટી બહેનો દ્વારા સાલ ઓઢાડીને તેમજ મોમેન્ટો-પ્રશસ્તી પુરસ્કાર દ્વારા કરવામાં આવ્યું. તેઓએ સંસ્થાની પ્રગતિ માટે વિશેષ શુભેચ્છાઓ પાઠવી. એવોર્ડ વિજેતા બહેનોને પોતાના અનુભવો મંચ પરથી વર્ણવી અન્ય બહેનોને જીવનની મુશ્કેલીઓનો સામનો હિંમતભેર કરવા અને પોતાના કુટુંબ દ્વારા સમાજને વિકાસની કેડી પર લઈ જવા પ્રેરણા આપી.

સમગ્ર ગુજરાતમાંથી કંસારા સમાજની ઉદ્યોગ સાહસિક બહેનોના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે. ૧૬ જેટલા સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં જુદા જુદા ઉત્પાદનો અને વિશિષ્ટ કલાઓ, સેવાઓની માહિતી આપવામાં આવી હતી. જેની ૫૦૦ બહેનોએ મુલાકાત લીધી અને તેઓએ પોતાની પસંદગીની વસ્તુઓ ખરીદવાનો લ્હાવો પણ લીધો.

સંસ્થા તેની સ્થાપનાના ૧૫ વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહી છે તેની ઉજવણી નિમિત્તે વડીલ સુ.શ્રી જશુબેન તેમજ અન્ય ટ્રસ્ટીઓ દ્વારા પ્રમુખશ્રી ઉર્મિલાબેનનું સાલ ઓઢાડીને અને પ્રશસ્તિ પુરસ્કાર દ્વારા સન્માન કરવામા આવ્યું.

સુ.શ્રી પલ્લવીબેન કંસારાએ (ખજાનચી) કાર્યક્રમને અનુરૂપ આભાર વિધી કરી. પ્રિતી ભોજન માટે સૌ ભોજનાલયમાં પધાર્યા, સ્વરૂચી ભોજન પછી બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીઓ શરૂ કરી.

પ્રિતી બોજન બાદ બપોર પછી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક કરેલ હતું. જેમાં ૧૨ જેટલા કલાકાર જૂથોએ પોતાની પ્રસ્તુતી રજુ કરીને બધાને આનંદ પૂરો પાડ્યો હતો. જેમાં કુલ ૧૧૫ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમની વિશેષતા હતી કે ૬૦ થી ૭૦ વર્ષની ઉંમરની બહેનોએ પણ પોતાની સુંદર કૃતિ રજુ કરીને આનંદ મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બેહનોએ શિસ્ત દ્વરા કાર્યક્રમ માણ્યો જે અભિનંદનને પાત્ર છે.

કાર્યક્રમના અંતે સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી પ્રેમલત્તાબેન તમામ ઉપસ્થિત ભાઈઓ, બહેનો અને આમંત્રિત મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો. રસોડા વિભાગમાં ઋષીભાઈ પંડ્યા, મંડપના કાર્ય કર્તાઓમાં અમીરભાઈ, સાઉન્ડ સીસ્ટમના ભાઈઓમાં મુકેશભાઈ, ઉમિયા પથિકાશ્રમના મેનેજર શ્રી ભીખાભાઈ પટેલે ઉમદા સેવા પૂરી પાડી કાર્યક્રમને દીપાવ્યો તે બદલ આભાર માની બિરદાવીએ છીએ. શ્રી નરેન્દ્રભાઈ પરમારની યાદગાર ફોટોગ્રાફીની સેવાની કદર કરીએ છીએ. શ્રી ભાવિનભાઈ કંસારાની બેનમૂન વિડીઓ ગ્રાફીની સેવા પૂરી કરવા થકી અભિનંદન પાઠવીએ છીએ. સમગ્ર કાર્યક્રમમાં દૂર કે નજીકથી માણનાર અને સહકાર આપનાર જ્ઞાતિજનોનો ટ્રસ્ટ ઋણી રહેશે.

સંસ્થાના ૧૫ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યા છીએ તેની ઉજવણીના મહિલા સંમેલનના કાર્યક્રમને સફળ કરવામાં ટ્રસ્ટી બહેનોનું યોગદાન મહત્વનું છે. જેમાં પોતાની મીઠી વાણી દ્વારા

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર કામિની કંસારા અને કૃષી કંસારાને ખુબ ખુબ અભિનંદન, સ્ટેજ પરની અગાઉથી તૈયારી કરવાની કામગીરીમાં વડોદરાથી આવેલ કામિની, પ્રીતિ, હેમંત કંસારા તેમજ બહુચરાજીના ભાવેશ પાટડિયાની આત્મસૂઝને અને સહકારને બિરદાવીએ છીએ.

સવારના ૧૦-૦૦ થી બપોરના ૨-૦૦ સુધીના કાર્યક્રમમાં સ્ટેજની જવાબદારી સંભાળવાની કામગીરી માટે હેમાલીબેનને અભિનંદન.

સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓની ગોઠવણી તેમજ ક્રમશઃ તૈયારી કરીને સ્ટેજને શોભાયમાન કરવાનું રંગીન કાર્ય કરનાર હર્ષાબેન દંગી, ઉષાબેન ચોગાનવાલાને અભિનંદન પાઠવીએ છીએ. સાસંકૃતિક કાર્યક્રમની બહેનોને સ્ટેજ પરની ગોઠવણી માટે ટ્રસ્ટીશ્રી અનિલાબેનની સૂઝને બિરદાવીએ છીએ.

રજીસ્ટ્રેશનની કામગીરીનું સંચાલન કરનાર ગુણવંતીબેનને અભિનંદન. શકુંતલાબેને બેઠેક વ્યવસ્થામાં મદદ કરી બંને ટ્રસ્ટીશ્રીએ પોતાનું યોગદાન આપ્યું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન જુદા જુદા દાતાશ્રીઓએ વ્યક્તિગત તથા મંડળના નામે શુભેચ્છા ભેટનો ધોધ વરસાવી સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટને અભિભૂત કરી દીધી.

જુદા જુદા દાતાશ્રીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહન રકમ આપેલ હતી. જેમાં કલ્યાણી ટ્રસ્ટે પોતાનું યોગદાન ઉમેરીને ભાગ લેનાર દરેકને ૨૦૦/- રૂા. શુભેચ્છા ભેટ પહોંચાડી.

સમસ્ત કંસારા સમાજના કારોબારીમાંથી આવેલ વલસાડના મુક્તાબેન અને અમદાવાદ-ચાંદલોડિયાથી આવેલ દિપાલી કંસારાએ કાર્યક્રમ દરમ્યાન શિસ્ત જાળવવામાં સહકાર આપ્યો.

મહિલા સંમેલનના પ્રસ્થાનથી એટલે કે જુલાઈથી ડિસેમ્બર કાર્યક્રમની પૂર્ણાહુતિ સુધીનું માર્ગદર્શન આપનાર પૂર્વ પ્રમુખ (શ્રી જશુબેન) આજીવન સલાહકાર પથદર્શક એવા અમારા વડીલને શત શત વંદન. જેમની આગવી સૂઝથી કાર્યક્રમને સફળતા મળી છે. જેઓ ધન્યવાદને પાત્ર છે. આવી રીતે સાથ અને સહકાર આપતા રહેશો એવી આશા રાખીએ છીએ.

વઢવાણના ભાવનાબેન ધોળકિયા અને સલોનીબેન કરથિયાએ સ્ટોલના બહેનોની શુભેચ્છા ભેટ ઉઘરાવીને જમા કરાવીને ટ્રસ્ટને મદદરૂપ બનાવનો લ્હાવો લીધો.

સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ પણ મહિલાઓને સન્માન બક્ષતા હતા. બ્રહ્માંડના સર્જક બ્રહ્માએ પણ પોતાના બ્રહ્મપુરાણમાં પોતાના સર્જન માટે માતા (મહિલા) પ્રત્યેનું ઋણ અદા કર્યું છે. ૮ મી માર્ચના આં.રા.મ. દિનની સર્વે બહેનોને શુભેચ્છા, આવો આપણે સાથે મળીને સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા સમસ્ત કંસારા સમાજને વિકાસશીલ બનાવીએ.

"નારી શક્તિ ઝીંદાવાદ"
ભારત માતા કી જય,
વંદે માતરમ્.

## મહિલા સંમેલન - સાંસ્કૃતિક કાર્યક્રમ

| ક્રમ | ગામ | | કૃતિની વિગત | આગેવાનનું નામ | બહેનોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | સ્વાગત ગીત | આંગણ સજાવ્યા, તોરણ બંધાવ્યા | હીર કંસારા | ૦૧ |
| ૨ | વિસનગર | ગરબી | માં તારા આશીર્વાદ મને બહુ ફળ્યા | નીતાબેન | ૧૨ |
| ૩ | પ્રાંગધ્રા | ગરબો | મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કાન | ભાવનાબેન | ૧૦ |
| ૪ | વડોદરા | કીર્તન | ચાલ સખી ચાલ કરીએ યમુના ના પાન | મનીષાબેન | ૧૧ |
| ૫ | સુરત | પ્રાચીન ગરબો | માં તુ અંબા બનીને મારુ આંગણું પાવન કરી દે. (૪૫ થી ૭૨ વર્ષની બહેનો) | હેમુબેન | ૧૫ |
| ૬ | નડિયાદ | પ્રાચીન ગરબો | ઝુમ ઝુમ માડી ઝાલર વાગે. | નિલમબેન | ૦૬ |
| ૭ | વઢવાણ | ભક્તિગીત | રાધે ગોવિંદ કૃષ્ણ મુરારી | રિદ્ધિ | ૦૮ |
| ૮ | વડોદરા | શૌર્ય ગીત | કોમલ હે કમજોર નહી તું શક્તિ કા નામ નારી હૈ | દીપાબેન | ૦૬ |
| ૯ | બોટાદ | ગરબો | વાગ્યો રે ઢોલ ભાઇ વાગ્યો રે ઢોલ | રાજશ્રીબેન | ૦૮ |
| ૧૦ | જોરાવરનગર | ગરબો | શ્યામ ચૂડી બેચને આયા | પ્રેરણા સખી મંડળ વૃષ્ટિબેન | ૧૪ |
| ૧૧ | વિસનગર | ગરબો | વાગ્યો રે ઢોલ ભાઈ વાગ્યો રે ઢોલ | શુભાંગીબેન | ૧૦ |
| ૧૨ | સુરત | દુર્ગા પ્રસ્તુતિ | મા દુર્ગાનાં નવ સ્વરુપોની ઝાંખી | હેમાલીબેન | ૦૯ |



## શ્રીમતી માયાબેન કોડનાની

### પૂર્વ કેબિનેટ મિનિસ્ટર, શિક્ષણ અને મહિલા બાળ વિકાસ વિભાગ (ગુજરાત રાજ્ય) (ગાયનેકોલોજીસ્ટર ડૉકટર)

ભારત માતાકી જય, વંદે માતરમ મહિલાઓ તો વિશ્વનું કલ્યાણ કરવા માટે જ સર્જાઈ છે, સર્જન થયું છે. શૂન્યમાંથી સર્જન કરવાની જવાબદારી બ્રહ્માએ બહેનોને આપી છે. આપણા દેશમાં મહિલાઓને ઉંચું સન્માન આપવામાં આવે છે. આપણા દેશમાં જ દેવી-દેવતીઓની સાથે પૂજા થાય છે. આપણા દેશમાં દેવીની શક્તિપીઠ તરીકે પૂજા થાય છે. પાર્વતીના વિવિધ અંગો જે સ્થળે પડ્યા તે શક્તિપીઠ રચાઈ. આજે આપણે બહુચરમાં શક્તિપીઠમાં બેઠા છીએ. શક્તિની (દેવીની) પૂજા આપણી સંસ્કૃતિ છે. મા પાર્વતી, સરસ્વતી, લક્ષ્મીજી, દુર્ગાની પૂજા થાય છે. શક્તિ મહિલાની જન્મથી જ સાથે આવે છે. દીકરો જ કુળ દીપક છે. આવી માન્યતા છે. તમારી અંદરનો આત્મ વિશ્વાસ જગાડીને સમાજ કલ્યાણ કરો.

રાજા-મહારાજાઓ યુધ્ધે જતા ત્યારે શક્તિ (મા દુર્ગાની) પૂજા કરીને જતા હતા. શક્તિ વિવિધ નામે જાણીતી છે. કોઈપણ દેવતાનું નામ મહિલા સિવાય અધુરું છે. સીતા-રામ, પાર્વતી-શંકર, રાધા કૃષ્ણ. આપણે તો કલ્યાણી જ છીએ. આત્મ વિશ્વાસ ધરાવો, દીકરા-દીકરીની માન્યતા જ અધોગતી છે. આત્મ વિશ્વાસ જગાડીને સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ કરો. એકાત્મકતા રાખો, સંગઠન શક્તિ ધરાવો. ભ્રષ્ટાચાર દૂર કરો, બાળકોને જન્મની સાથે જ સારા સંસ્કાર આપો તો જ ચારિત્ર્યવાન સમાજ ઉત્પન્ન થાય. માનું કર્તવ્ય સંસારમાં સૌથી વધુ છે. અધિકાર મેળવતા પહેલા કર્તવ્ય કરો. સરકારનું કાર્ય એ આપણું જ કાર્ય છે. જેમ કે ગમે ત્યાં કચરો ફેંકવો, મારું કર્તવ્ય છે કે કચરો કરવો જ નહીં.

રામ સીતાજીને શોધવા નીકળ્યા ત્યારે જામવંતજીનું ઉદાહરણ, યાદ અપાવનાર જામવંત છે. આપણે બધા જ હનુમંત છીએ. શક્તિનો ઉપયોગ કરો. પોતાની શક્તિને જગાડો.

વિશ્વમાં દરેક ક્ષેત્રે મહિલાઓ આગળ છે. હમણાં ચંદ્રયાન મોકલવામાં આવ્યું તેમાં પણ સૌથી આગળ મહિલાઓ જ હતી. તેઓ વૈજ્ઞાનિક હતી પણ આધુનિક નથી. પશ્ચિમના સંસ્કારો મેળવવાની જરૂર નથી. આપણી સંસ્કૃતિને ભૂલવી ન જોઈએ. આપણા સંસ્કારોને ભૂલવા ન જોઈએ. ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતા ધરાવે છે. આપણે મોર્ડન કહેવડાવવાની જરૂરી નથી. સંસ્કૃતી પ્રત્યેનું ગૌરવ હોવું જોઈએ. આપણને દેશનું ગૌરવ હોવું જોઈએ. આપણા દેશમાં જ ઋષીઓ, વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ થઈ ગયા છે. તેનું અનુકરણ કરવું જોઈએ. સ્વતંત્ર ભારતનો દરેક ક્ષેત્રે વિકાસ કરવો જોઈએ. આપણું કર્તવ્ય છે દેશનો વિકાસ કરવો. કૌશલ્યા હતા તો રામ હતા, જશોદા હતા તો કૃષ્ણ થયા - દરેકની પાછળ મહિલાનો સાથ છે. ઝાંસીની રાણી, અહલ્યાબાઈ, જિજાબાઈની જીવન ઝરમર અપનાવો. બહુચર માતાની શક્તિપીઠમાં બેઠા છો તો શક્તિ મેળવી સમાજનો વિકાસ કરો એ જ આજના સંમેલનનું મુખ્ય કર્તવ્ય છે. આવો આજે આપણે સંઘ શક્તિ અપનાવીએ.

જયહિંદ, જય ભારત, ભારત માતાકી જય



## શ્રીમતી ભાવનાબેન મુકાતીવાલા - સુરત

સમાજ સેવિકા, સુરત મહિલા મંડળના પ્રમુખ, અપ મૃત્યુ જીવન સહાય કોર્ટમાં સેવા ભાવી તરીકે, નેવી સેવા વિભાગમાં કાર્યરત, બાલ ઉત્થાન સેવા સંઘના કાર્યકર્તા.

સુરતની કોર્ટમાં માનદ સેવાઓ આપે છે. દહેજ પ્રથાને લીધે અપમૃત્યુ થતા હતા તેના નિવારણનું કાર્ય કરતા હતા. બળાત્કાર, તુટતા પરિવારોને યોગ્ય માર્ગદર્શન આપે છે. ૩૦૦૦ જેટલા બાળકોની સેવા કરે છે. શિક્ષણને લગતી સેવાઓ આપે છે. જેથી બાળકો ભણી શકે છે. દીકરીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપે છે. કોલેજમાં પ્રિમેરેજ કાઉન્સેલીંગના કલાસ પણ લઈએ છીએ.

છેવટે આભાર માનની જણાવ્યું કે મારી પ્રવૃત્તિને વધુ વેગ મળે તેમાં આપનો સાથ અને સહકાર મળે તેવી અભ્યર્થના.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.



# કુ. શ્રી અન્નપૂર્ણાબેન લાલાણી

## નિવૃત જજ, પ્રમુખ ગ્રાહક સુરક્ષા કોર્ટ, સુરેન્દ્રનગર

બહુચર માતાકી જય આજનો કાર્યક્રમ મહિલાઓ, સ્ત્રી શક્તિ માટે છે. જાણે મહિલાઓનો દરિયો ઉમટ્યો છે. નારીની પૂજા થાય છે ત્યાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. દરેક ક્ષેત્રમાં નારી આગળ વધી રહી છે. કોઈપણ સ્ત્રીની સફળતા પાછળ પુરુષનો હાથ-ટેકો રહેલો છે. પ્રાચીન ફાળો દર્શાવવામાં આવ્યો છે. પ્રાચીન યુગથી આધુનિક સમયમાં સ્ત્રીનો ફાળો દર્શાવવામાં આવ્યો છે. આપણા સમાજમાં વારસાગત ધંધામાં દીકરાનું મહત્વ વધ્યું છે. તેથી દીકરાઓ કરતાં દીકરીઓમાં શિક્ષણનું મહત્વ વધતું રહ્યું છે. પરિણામે કૌટુંબિક અનેક-પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. માતા-પિતાની સૂઝથી અનેક પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય છે. છૂટા-છેડાના પ્રશ્નોનું પણ બંને પ્રશ્નોની આત્મ સૂઝથી નિરાકરણ કરી શકાય. સમાજનું પરિવર્તન થવું જોઈએ. પણ સંસ્કારોનું જતન થવું જોઈએ. આપણા સમાજમાં લગ્ન વિષયક પંચ પણ હોવું જોઈએ.

મહિલાના રક્ષણ માટે અનેક કાયદાઓ છે પણ તેનો દુરુપયોગ કરવો ન જોઈએ. મધ્યસ્થી તરીકે જ્ઞાતિ પંચ-બંને પક્ષોના વડીલોએ તપાસ કરીને યોગ્ય ઉકેલ લાવવો જોઈએ. તો જ્ઞાતિનો વિકાસ થશે.

આંતર જ્ઞાતિય લગ્નોથી પણ ઘણું સામાજીક પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે. જેથી સામાજીક સમરસતા જળવાતી નથી. સ્વ જ્ઞાતિમાં લગ્ન થાય તો સમાન રીતી-રિવાજ, સગાં વહાલાં અને વડીલોની આમન્યા જળવાય છે.

બીજલી ચમકતી હૈ,<br>
તો આકાશ બદલતા હૈ<br>
આંધી ઉઠતી હૈ,<br>
તો દિન-રાત બદલતા હૈ,<br>
જબ ગરજતી હૈ નારી,<br>
તો દુનિયા કા ઈતિહાસ બદલતા હૈ



# શ્રી પૂર્ણાબેન હૈડાવ - જુનાગઢ

## કંસારા જ્ઞાતિનું ગૌરવ-સોશિયલ વર્કરનો નેશનલ એવોર્ડ

"હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ કોઈ પારખું ઝરેવી જ જાણી શકે કે હીરો કેટલો કિંમતી છે.

સૃષ્ટિના આરંભથી જ સ્ત્રીને શક્તિનો અવતાર માનવામાં આવે છે તેમાંય ૨૧ મી સદીની કોમ્પ્યુટર યુગની સ્ત્રી તો પોતાની શક્તિ અને મનોબળના લીધે દરેક ક્ષેત્રમાં સફળ થઈ વિકાસ ના પંથે આગળ વધી રહી છે.

પૂર્ણાબેન હેડાવને તાજેતરમાં જ તેમના કાર્યક્ષેત્રમાં સોશિયલ વર્કર તરીકેનો સ્નેહાબિલીટી નેશનલ એવોર્ડ કર્ણાટકના રાજ્યપાલશ્રીના શુભ હસ્તે એનાયત કરવામાં આવ્યો.

સ્નેહાબિલીટી નેશનલ એવોર્ડ ૧૦ જૂન ૨૦૨૪ માં ઉજ્જૈન-મધ્ય પ્રદેશમાં યોજાયેલ હતો. ભારતભરમાંથી દિવ્યાંગ ક્ષેત્રે કામ કરનારાઓની પ્રતિભાને સન્માનીત કરવા માટે આ એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં અલગ અલગ ૧૮ રાજ્યોમાંથી એન્ટ્રીઓ આવી હતી. જેમાંથી ગુજરાત રાજ્યના જુનાગઢ જિલ્લાના આપણી જ્ઞાતિના પૂર્ણાબેનને વિજેતા જાહેર કરાયા હતા. આ એવોર્ડ મુખ્યત્વે રાજ્યપાલ શ્રી ડૉ. થાવરચંદ ગેહલોત ના હસ્તે આપવામાં આવેલ.

સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ તેમના ઉત્કૃષ્ટ સામાજીક કાર્ય માટે હાર્દિક અભિનંદન પાઠવે છે. તેમની નિષ્ઠા, મહેનત, દૃઢ સંકલ્પ અને સમર્પણ સૌ માટે પ્રેરણા રૂપ છે. તેઓએ પોતાના કાર્યક્ષેત્રમાં નેશનલ એવોર્ડ મેળવી પોતાનું તેમજ જ્ઞાતિનું નામ રોશન કરેલ છે. ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે અને આપણા સમાજનું ગૌરવ વધારતા રહે તેવી શુભેચ્છાઓ.

"સ્ત્રીનું સન્માન એ શક્તિની આરાધના જ છે."

### શ્રી સુરતી કંસારા પંચ શુભેચ્છક મંડળ

શ્રી રણછોડરાયજીના પાટોત્સવ નિમિત્તે માગસર સુદ આઠમને સોમવાર તા. ૯-૧૨-૨૪ ના શુભ દિને શ્રી સુરતી કંસારા છંદ મંડળ દ્વારા ૧૫ યુગલોના યજમાનપદે મંદિરના આંગણામાં શ્રી વિષ્ણુયાગ યજ્ઞનું એક દિવસીય આયોજન કરવામાં આવ્યું. જ્ઞાતિજનો અને ભક્તોજનોએ દર્શનનો લાભ લઈ હળવા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. (અશોકભાઈ એમ. કંસારા - શ્રી મહાકાળી મંદિર જદાખાડી મહીધરપુરા સુરત-૩)

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ<br>
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)



# શ્રી ધારા રવજીભાઈ બારમેડા - રવાપર-કચ્છ

**આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રીમતી વી.ડી. ઠક્કર, બી.એડ. કોલેજ, ગાંધીધામ**

ગુલાબી ઠંડીની લહેર સંગ સૂર્યના કિરણો આપને મુબારક સંગ આજનો દિન આપને મુબારક. નારી શક્તિને ખોબલાઓ ભરીને શુભેચ્છાઓ પાઠવે છે.

સ્ત્રી શિક્ષણ - આજે સ્ત્રીઓ ખભે ખંભા મિલાવી પુરુષ સમોવડી બને છે. એવા તમામ ક્ષેત્રો જ્યાં પુરુષો જ ભૂમિકા ભજવતા આજે ત્યાં મહિલાઓએ સ્થાન મેળવ્યું છે. આજે સ્ત્રી શિક્ષણ - અને તેમા વ્યવહારુ ઉપયોગ કરવો, શિક્ષણ અને કેળવણી બંને ભિન્ન છે.

શિક્ષણ એટલે કેવળ અભ્યાસ કરીને ડીગ્રીઓ મેળવવી. કેળવણી એટલે કે જે શિક્ષણ મેળવ્યું છે તેનો જગતમાં કઈ રીતે વ્યવહારિક ઉપયોગ કરવો. 'સંગ તેવો રંગ' - આલ્બર્ટ આઈનસ્ટાઈનનું ઉદારણ.

અર્જુન અને કર્ણ - સામર્થ્યની દષ્ટિએ બને સમાન હતા. પરંતુ કર્ણ દુર્યોધનનો સંગ કર્યો (કૌરવોનો) જે તેની બુદ્ધિને વિનાશ તરફ દોરી જાય છે. તમે જેનો સંગ કરો તે બુદ્ધિ પૂર્વક કરજો.

સંઘર્ષની ઘડીનું શિભણ - માતા સીતાનું ઉદાહરણ વનવાસ (૧૪ વર્ષ) - રાવણે સીતાનું કરેલ અપહરણ - સીતાએ આપેલ અગ્ની પરીક્ષા - ધોબીના કહેવાથી રામે સીતાનો ત્યાગ કર્યો - વનમાં લવ-કુશનો જન્મ આપ્યો અને ઉછેર કર્યો - અયોધ્યામાં પાછા આવ્યા ત્યારે તેમનો સ્વીકાર ન કર્યો તેથી તેઓ ધરતીમાં સમાઈ ગયા.

દરેક ક્ષેત્રે સીતાએ ધર્મ અને કર્મ નો માર્ગ ત્યજો નહીં અને અડગ રહ્યા.

ધારાબેન 'ગીતા' ઉપર પી.એચ.ડી. કરી રહ્યા છે. જેનો વિષય છે. શ્રીમદ્ ભગવદ્ગીતા અને જીવન વ્યવસ્થાપન' - ગીતામા

અધ્યાય-૨ નો ૪૭ માં શ્લોકમાં કર્મનું મહત્વ જણાવ્યું છે.

ધ્યાય-૨ નો ૪૮ મા શ્લોકમાં તમારી બુદ્ધિને સ્થીર રાખો (સિધ્ધી મળે કે ના મળે:.

ઉંચી નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ.

"ભરતી પાછળ ઓટ છે,
ઓટ પછી જુવાળ."

"સુખ-દુ:ખ છે જીવનની મરેચ,
કોઈનો ફટકો, કોઈનો કેચ."

કોઈપણ પરિસ્થિતીમાં સમ બુદ્ધી રાખીએ, સ્વને દિપાવીએ, સમાજનો પરિવારને અને રાષ્ટ્રના વિકાસ માટે આપણી અહમ્ ભૂમિકાને દિપાવીએ.

ધારાબેને આભાર માન્યો અને જણાવ્યું કે આ મુકામ સુધી પહોંચવા માટે મારા માતા-પિતાને સમાજના ચરણોમાં વંદન.

## મહિલા સંમેલન-ઉદ્યોગ સાહસિક બહેનોની વિગત

| ક્રમ | ગામ | બહેનનું નામ | ઉદ્યોગની વિગત | ક્રમ | ગામ | બહેનનું નામ | ઉદ્યોગની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ધ્રાંગધ્રા | હર્ષાબેન કડવાણી | ઈમિટેશન જવેલરી, ખાદ્ય સામગ્રી | ૯ | અમદાવાદ | જાગૃતિબેન કંસારા | હર્બલ આઈટમ |
| | | | | ૧૦ | સુરેન્દ્રનગર | ખુશ્બુબેન કરથીયા | ડ્રેસ અને કુર્તી |
| ૨ | જોરાવરનગર | મયુરીબેન ખોખરા | હેન્ડ્રીક્રાફટ, ડ્રેસ મટીરિયલ | ૧૧ | સુરેન્દ્રનગર | ભાવનાબેન ધોળકિયા | ઈમિટેશન જવેલરી |
| | | | | ૧૨ | લીંબડી | માધુરીબેન લાલાણી | વેસ્ટર્ન ડ્રેસ મટીરિયલ |
| ૩ | અમદાવાદ | ચિત્રાબેન કંસારા | ગૃહ સુશોભન વસ્તુઓ | ૧૩ | બોટાદ | પ્રીતિબેન લાલાણી | હેન્ડીક્રાફટની વસ્તુઓ |
| ૪ | જોરાવરનગર | વૈશાલીબેન ખોખરા | સાડી અને ડ્રેસ મટીરિયલ | ૧૪ | અમદાવાદ | અર્પિતાબેન કરથીયા | કાપડ મટીરિયલ |
| ૫ | વઢવાણ | સલોનીબેન કરથીયા | પર્સ અને બેગ | ૧૫ | ધ્રાંગધ્રા | ભૂમિબેન દંગી | દિવાની વાટો અને ડ્રેસ મટીરીયલ |
| ૬ | વઢવાણ | પૂનમબેન કરથીયા | ડ્રેસ અને કુર્તી | | | | |
| ૭ | અમદાવાદ | ચૈતાલીબેન કંસારા | પેઈંટીંગ નમુનાઓ | ૧૬ | જોરાવરનગર | જિજ્ઞાબેન ખોખરા | વઢવાણી મરચાં અને કચરિયું. |
| ૮ | અમદાવાદ | જાહ્નવીબેન ગોરડીયા | ડ્રેસ મટીરિયલ | | | | |


ગુજરાત
મહિલા સમેલન




રા સમાજ
સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ, ગુજરાત
આપનું હાર્દિક સ્વાગત કરે છે...
મહિલા સમેલન


કસારા સમાજ
સમસ્ત


સમસ્ત કંસારા સમાજ







## સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ - ગુજરાત - અમદાવાદ
## મહિલા સંમેલન નિમિત્તે આવેલ શુભેચ્છા ભેટની યાદી

| અ.નં. | રકમ | શુભેચ્છકનું નામ | શહેર/ગામ |
|---|---|---|---|
| ૧ | રૂ. ૨૧,૦૦૦/- | શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા | અમદાવાદ |
| ૨ | રૂ. ૨૧,૦૦૦/- | ઉર્મિલાબેન વસંતભાઈ કંસારા | વડોદરા |
| ૪ | રૂ. ૨૧,૦૦૦/- | અન્નપૂર્ણાબેન લાલાણી | સુરેન્દ્રનગર |
| ૫ | રૂ. ૧૫,૦૦૦/- | જશુબેન ચીમનલાલ કંસારા | મહેસાણા |
| ૬ | રૂ. ૧૫,૦૦૦/- | ઉષાબેન ઘનશ્યામભાઈ લાલાણી | અમદાવાદ |
| ૭ | રૂ. ૧૧,૦૦૦/- | મણીલાલ ભીખાલાલ કંસારા | અમદાવાદ |
| ૮ | રૂ. ૧૧,૦૦૦/- | પ્રેમલતાબેન પ્રફુલભાઈ ખોખરા | જોરાવરનગર |
| ૯ | રૂ. ૧૧,૦૦૦/- | પલ્લવીબેન ચંદુલાલ કંસારા | અમદાવાદ |
| ૧૦ | રૂ. ૧૧,૦૦૦/- | હિતેશ ફૂલચંદદાસ પાટડીયા | માંડલ |
| ૧૧ | રૂ. ૭,૦૦૦/- | ઉષાબેન ચોગાનવાલા | અમદાવાદ |
| ૧૨ | રૂ. ૭,૦૦૦/- | અનિલાબેન જીતુભાઈ સંગવી | ભાવનગર |
| ૧૩ | રૂ. ૭,૦૦૦/- | ગુણવંતીબેન અશોકભાઈ કંસારા | મોડાસા |
| ૧૪ | રૂ. ૭,૦૦૦/- | હેમાલીબેન એ. પચ્ચીગર | સુરત |
| ૧૫ | રૂ. ૭,૦૦૦/- | લત્તાબેન રમણલાલ કંસારા | ગોધરા |
| ૧૬ | રૂ. ૬,૦૦૦/- | હર્ષાબેન વસંતભાઈ દંગી | જોરાવરનગર |
| ૧૭ | રૂ. ૫,૧૦૦/- | હીરાલાલ ગોરધનદાસ કંસારા | બેચરાજી |
| ૧૮ | રૂ. ૫,૦૦૦/- | અશ્વિનભાઈ ગોરડીયા | શિહોર |
| ૧૯ | રૂ. ૫,૦૦૦/- | છાયાબેન હસમુખભાઈ ખાખી | અમદાવાદ |
| ૨૦ | રૂ. ૫,૦૦૦/- | ભરતભાઈ છોટાલાલ શેઠ | અમદાવાદ |
| ૨૧ | રૂ. ૫,૦૦૦/- | મેહુલભાઈ નટવરલાલ ખાખી | અમદાવાદ |
| ૨૨ | રૂ. ૫,૦૦૦/- | હિંમતભાઈ કાન્તીલાલ દંગી | અમદાવાદ |
| ૨૩ | રૂ. ૫,૦૦૦/- | મહેશભાઈ એચ. ગોરડીયા | અમદાવાદ |
| ૨૪ | રૂ. ૨,૫૦૦/- | રમેશભાઈ નટવરલાલ શેઠ | અમદાવાદ |
| ૨૫ | રૂ. ૨,૫૦૦/- | ચંદ્રકાન્ત કે. કંસારા | અમદાવાદ |
| ૨૬ | રૂ. ૧,૦૦૧/- | મહાકાળી મહિલા મંડળ | વીસનગર |
| ૨૭ | રૂ. ૧,૦૦૦/- | અનંતરાય ગોપાલદાસ શેઠ | અમદાવાદ |
| ૨૮ | રૂ. ૫૦૦/- | ડૉ. ઉપેન્દ્રભાઈ કલાઈગર | સુરત |
| ૨૯ | રૂ. ૫૦૦/- | પૂર્ણાબેન હેડાવ | જુનાગઢ |
| ૩૦ | રૂ. ૫૦૦/- | રૂપલબેન કૌશિકભાઈ બિજવાણી | ભુજ |
| ૩૧ | રૂ. ૫૦૦/- | જાગૃતીબેન ગિરિશભાઈ કંસારા | અમદાવાદ |
| ૩૨ | રૂ. ૩૦૦/- | સોનલબેન કંસારા | અમદાવાદ |

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કાું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર




**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited
Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

*Best Quality Gift For All Occassions*
We are also the menu. of wall clocks& wall clock hands



# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia Mo.94262 21810
Depak J. Karathia Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577
www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

Tejas P. Meghani
+91 - 9426303186

Mayur P. Meghani
+91 - 9429328187
Mishal P.Meghani
820-0524436




# Mayur Engineering
Manufactur

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186
E-mail : mayurengineering179@gmail.com

# શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદ

- લી. શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદના જ્ઞાતિજનો

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે તારીખ ૨૨-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા, રમત-ઉત્સવ, સત્સંગનું આયોજન સવારે ૮-૦૦ કલાકે ભુદરપુરા કોમ્યુનિટી હોલ,ભુદરપુરા, આંબાવાડી ખાતે કરવામાં આવ્યું હતું.

સવારથી જ બહોળી સંખ્યામાં જ્ઞાતિના પરિવારના સભ્યો જેમને રમત ઉત્સવમાં ભાગ લીધો હતો તે વહેલાસર ગ્રાઉન્ડ ઉપર હાજર થઈ ગયા હતા. સવારે ચા-નાસ્તો કર્યા બાદ લગભગ ૧૭૫ જેટલા રમતવીરોએ અલગ અલગ રમતો રમી આનંદ લીધો હતો. ત્યારબાદ મધ્યાહન ભોજન લઈને રમત ગમત નો કાર્યક્રમ આગળ વધારતા સાંજે ૪:૦૦ કલાકે અલ્પ આહાર લઈને સત્સંગ મંડળના બહેનોએ સત્સંગનો કાર્યક્રમ ચાલુ કર્યો હતો જે સાંજે ૬-૦૦ વાગ્યા સુધી ચાલ્યો હતો.

જ્ઞાતિના કુલ ૨૪૦ પરિવારોમાંથી અંદાજે ૭૦૦ જ્ઞાતિજનોએ આ ભવ્ય કાર્યક્રમનો અલૌકિક લાભ લીધો હતો.

ત્યારબાદ સામાન્ય સભાની શરૂઆત કરતા સૌ પ્રથમ શ્રી પોમલ અશોકભાઈ મનહરલાલના પ્રમુખપદ હેઠળ વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી ત્યારબાદ ગત સામાન્ય સભાનું મિનિટ્સ વાંચન કરવામાં આવ્યું તથા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાનના હિસાબો રજૂ કરવામાં આવ્યા. વર્ષ ૨૦૨૩- ૨૪ દરમિયાન ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ કે જેમણે માર્કશીટો જમા કરાવેલી હતી તે તમામ વિદ્યાર્થીઓને મંડળ દ્વારા ઈનામો આપવામાં આવ્યા ત્યારબાદ એવા બાળકો કે જેમનો જન્મ થયો છે તથા શિશુવર્ગ અથવા બાળવર્ગમાં અભ્યાસ કરે છે, જે મંડળની આવતીકાલ છે તે તમામ બાળકોને સંસ્થાના પ્રમુખશ્રી કંસારા રમેશભાઈ જયંતીલાલ તરફથી પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યા.

ત્યારબાદ સુકન્યા કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ દરમિયાન જ્ઞાતિજનોના બે પરિવારને ત્યાં દીકરીનો જન્મ થયેલો છે તે બે દીકરીઓને મંડળ દ્વારા રૂપિયા ૩૦,૦૦૦ ની પોલિસી એનાયત કરવામાં આવી. જેમાં

૧. કંસારા જાનકી ભાર્ગવભાઈ

૨. કંસારા પ્રથા નીતીનભાઈ

જેમાં આ બે દીકરીઓને સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાની સુકન્યા યોજના હેઠળની પોલિસી એનાયત કરવામાં આવી.

ત્યારબાદ મંડળમાંથી અભ્યાસ કરીને સફળતાની સીડીઓ સર કરનાર અલગ અલગ વિદ્યાર્થીઓને મંચ ઉપર બોલાવીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સફળ થવા માટે કેવી રીતનું આયોજન કરવું જોઈએ તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી.

ત્યારબાદ અત્યારે સમાજમાં ફેલાઈ રહેલું દૂષણ ઓનલાઇન ફ્રોડ કે બેંકમાંથી નાણાંની ઉચાપત થઈ જાય છે, તથા મોબાઇલ એપ્લિકેશન દ્વારા રકમની ઉચાપત થઈ જાય છે. તેનાથી કેવી રીતે બચી શકાય ? જેના માટે સાયબર ક્રાઇમના વરિષ્ઠ અધિકારી શ્રી વિશાલભાઈને આમંત્રિત કરતા તમામ જ્ઞાતિજનોને સાઇબર ક્રાઇમથી બચવા માટે કયા વિશિષ્ટ પગલાંઓ ભરવા, તેના માટે જ્ઞાતિજનોને જાગૃત કર્યા હતા.

અંતમાં આજના કાર્યના કોઈ એજન્ડા બાકી ન રહેતા સર્વે જ્ઞાતિજનો નવનિર્મિત કારીબારી સભ્યોને હાર્દિક શુભેચ્છાઓ આપી સમુહ ભોજનનો આનંદ લઇ વિખરાયા હતા.

## "હીરામણી પરિવારને ગર્વ છે"

અમારા પરિવારના વડીલ શ્રી અશોકભાઈ એમ. કંસારાને છંદ મંડળનું ૩૧ વર્ષથી સફળ સંચાલન કરવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ. ૧૦૦૦ કાર્યક્રમો પૂર્ણ કર્યા છે.

અમારા વડીલશ્રી અશોકભાઈએ સમાજ સેવાના કાર્યોમાં ૬૦ વર્ષ પૂર્ણ કર્યા છે. હાલ ૨૦ વર્ષથી સંસ્થા વહીવટદાર તરીકે કાર્યરત છે.

શ્રી માતાજી એમને નિરામય જીવન અર્પે એવી હીરામણી પરિવારની પ્રાર્થના.


**(૧) શું તમે નોકરી ધંધા કે કોઈપણ વ્યવસાયમાં સફળ થવા માગો છો ?**

**(૨) જેના માટે શારીરિક - આત્મિક રીતે શક્તિશાળી હોવું જરૂરી છે.**

**(૩) કોઈપણ જાતના રોગ માટે દવાઓ લેતા હોય તો તેની આડ અસરોથી બચવા શું કરશો ?**

**(૪) કોઈપણ ક્ષેત્રમાં સફળતા માટે સારુ આરોગ્ય અને સારી આવક હોવા જરૂરી છે.**

**(૫) ફક્ત ૨૧ દિવસમાં પ્રક્ટિકલ રૂપે અનુભવ કરવા માટે**

(૧) ધર્મેન્દ્રભાઈ જે. કંસારા (૧) ૯૬૮૭૪૦૪૯૨૧૯
(૨) કુંજન ડી. કંસારા (૨) ૯૩૭૬૦૨૧૨૭૮
(૩) જાગૃતિ ડી. કંસારા ફક્ત રોજ સાંજે ૬-૮
(૪) શૈલી. ડી. કંસારા માં ફોન કરવો.

**નોંધ : દાંતના કોઈપણ ટ્રીટમેન્ટ માટે ચેકઅપ અને એકસરે ફ્રી કરી આપવામાં આવતા.**

NIF Mechanical Works Pvt. Ltd.

WINDWELL

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com

---

અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

---

Making Things Happen
Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

શું તમે તમારું વીજળી બિલ બચાવવા માંગો છો?

શું તમે પ્રકૃતિ પ્રેમી છો?

અમારી પેનલ શ્રેષ્ઠ ગુણવત્તા સાથે વિશ્વાસપાત્ર છે



ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ
- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી
- સોલાર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે કામગીરી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ સેવા

40% સુધી ફાયદો મેળવો

અહીં તમારી વિગત ભરો !

હમણાં જ સંપર્ક કરો :

+91 6355519196 / 9327168907
કંસારા જયમીન ભાસ્કરભાઈ કાજળીયા
રીલાયેબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

605 Signet hub, Akshar Chowk, Old Padara Road, Vadodara-390020
Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net

---

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

NT

## Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# શ્રી કંસારા પ્રિમીયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ (KPL)

તા. ૨૯-૧૨-૨૦૨૪ ના રોજ શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિના યુવાનો તરફથી કંસારા જ્ઞાતિ પ્રિમીયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ જે શ્રી એસ.કે. પટેલ મેડીકલ કોલેજના મેદાન પર રાખવામાં આવેલ જેમાં નીચે મુજબ પાંચ (૫) ટીમોએ ભાગ લીધેલ.

(૧) શ્રી મહાકાલ ઈલેવન (૨) શ્રી પવનસુત ઈલેવન (૩) દ્વારકેશ ઈલેવન (૪) શ્રી ભૈરવ ઈલેવન (૫) શ્રી શિવશક્તિ ઈલેવન

જેમાં ટુર્નામેન્ટના અંતે શ્રી મહાકાલ ઈલેવન તથા શ્રી ભૈરવ ઈલેવન બે ટીમ ફાઈનલમાં પહોંચેલ જેમાંથી શ્રી મહાકાલ ઈલેવન ટીમ વિજેતા થયેલ. વિજેતા ટીમ તથા રનર્સ અપ ક્રિકેટની ટીમના કેપ્ટનોને શ્રી વિસનગર ગુજરાતી કંસારા સમાજના પ્રમુખશ્રી ભરતભાઈ સી. કંસારા તથા અન્ય કારોબારી સભ્યશ્રી કેતનભાઈ સી. કંસારાના હાથે ટ્રોફી એનાયત કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટ જોવા તેમજ ટીમોને ચીયર્સ કરવા માટે સમાજના જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ વિસનગર

તા. ૨૯-૧૨-૨૦૨૪ ના રોજ અમારા શ્રી વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિ સમાજ તરફથી પ્રમુખશ્રી ભરતભાઈ ચીમનલાલ કંસારાના હસ્તે શ્રી વિસનગર વોલન્ટરી બ્લડ બેંકના પ્રમુખશ્રી રાજુભાઈ કે. પટેલને રૂા. ૧૦૧૦૦૧/- નો ચેક અર્પણ કરવામાં આવેલ, સાથે સમાજના ઉપ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ગોપાળદાસ કંસારા, મંત્રીશ્રી પ્રદીપભાઈ કંસારા, શ્રી યજ્ઞેશભાઈ કંસારા, સર્વે કારોબારી સભ્યો તથા અન્ય જ્ઞાતિજનો વિ. ઉપસ્થિત રહેલ.

આ ઉપરાંત વિ.ગુ. કંસારા જ્ઞાતિના પ્રમુખશ્રી ભરતભાઈ સી. કંસારાએ વ્યક્તિગત રૂા. ૨૫૦૦૦/- નો ચેક પણ અર્પણ કરેલ.

સદર કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી ભરતભાઈ કંસારાએ શાબ્દિક ઉદ્દબોધન કરેલ. તેમજ શ્રી વિસનગર વોલન્ટરી બ્લડ બેંકના પ્રમુખશ્રી રાજુભાઈ પટેલે શાબ્દિક ઉદ્દબોધન કરી સદર દાન ભેટ અંગે આભાર વ્યક્ત કરી નાના સમાજના આવા દાન અંગે પ્રશંસા કરેલ.






શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ   પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

શુભેચ્છક : કંસારા મનિષકુમાર ભરતકુમાર (ભરતકુમાર બાબુલાલ) પરિવારના જયશ્રી કૃષ્ણ

ખજાનચીશ્રી - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.



# બુચ પરિવારનું ગૌરવ

## અભિનંદન રીધમ બુચ

શ્રીમતી મનીષાબેન તથા મહેશકુમાર બુચના સુપુત્ર રીધમ બુચ વર્ષ ૨૦૨૪ ની **C.A.** ની **Final Exam** પાસ કરીને **C.A.** ની પદવી મેળવેલ છે.

રીધમ આવી જ રીતે પ્રગતીના શિખરો સર કરે અને જીવનમાં ખૂબજ સફળતા મેળવે તેવા શુભાશીષ. પોતાના જ્ઞાન, કેળવણી અને કૌશલ્યથી કુટુંબ અને સમાજોપયોગી કાર્યો કરે એવી શુભેચ્છા સહ.

જય ગોપાલ મેટલ
ઈન્ડસ્ટ્રીઝ - સીહોર

માવાણીભાઈ
ફટાકડાવાળા - અમરેલી

**-: શુભેચ્છક :-**

નરેન્દ્રભાઈ બાબુલાલ માવાણી (નાના)
યોગેશભાઈ પ્રતાપભાઈ માવાણી (મામા) : ૯૮૨૫૮ ૩૬૧૫૧
શૈલેષભાઈ પ્રતાપભાઈ માવાણી (મામા) : ૯૪૨૮૨ ૬૩૪૭૦
ચીરાગભાઈ પ્રવિણભાઈ માવાણી (મામા) : ૯૪૨૬૪ ૬૩૯૮૦



સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ ગુજરાત દ્વારા "મહિલા સંમેલન"નું આયોજન આદ્ય શક્તિપીઠ, બહુચરાજી ખાતે થયેલ. જેમાં નારી સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા મહિલા ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન માટે વિવિધ સ્ટોલ પણ રાખવામાં આવેલ. આવા સુંદર કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન તથા આ કાર્યક્રમ અંતર્ગત મારું સવિશેષ સન્માન કરવા બદલ સર્વેનો ખૂબ ખૂબ આભાર.

આવા કાર્યક્રમોથી આપણા સમાજનો વિકાસ થાય છે અને અમારા જેવા લોકોને પોતાના કાર્યો માટે વધુને વધુ મહેનત કરવાનો જુસ્સો અને જોમ મળે છે. અમને પણ નવું નવું શીખવાની પ્રેરણા મળે છે. ફરીથી આપનો ખૂબ ખૂબ આભાર.

સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ ભવિષ્યમાં પણ આવા કાર્યો કરતી રહે તેવી મારી શુભેચ્છાઓ. આવા કાર્યક્રમથી જ્ઞાતીજનો એક બીજાના પરીચયમાં આવે છે અને આવા કાર્યો સમાજને વેગવંતો રાખવા માટે ખૂબજ જરૂરી છે જે તમે કરો છો તે માટે તમારી ટીમને અને સર્વેને ખૂબ ખૂબ અભિનંદન. Jay shree keishna. (પૂર્ણા હસમુખભાઈ હેડાવ (જૂનાગઢ) મો. ૯૪૨૬૩ ૭૬૮૪૦)

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ કલબ, રાજકોટ.

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

# શ્રધ્ધા (૩)

- બાલકૃષ્ણ જેઠાલાલ દંગી (વઢવાણ)

લેખકના લેખની ઘણી કસોટીઓ થશે. પણ એક વાત નક્કી છે કે લખેલ લેખમાં રસ ની સાથે ભાવ પડવો જોઈએ. લેખ ને એમ સમજો કે સમાજમાં કાર્ય કરવાનું એક 'કેન્દ્ર' આમા સમાજને ભલે શક્ય ન હોય. પણ વ્યક્તિગત જીવન સુધારી શકે તેમ હોય છે. આમા સમજ કરતા અસમજ વધું હોય. પણ અમુક સમજીને એમ સમજે કે સહયોગથી સમજીને અતિત ને વર્તમાનનું સુખ કલ્પે છે. જીવનમાં કોઈને તેના ગુણ જોઈને પસંદ કરીએ. અવગુણ જોઈને નહી. દરેક વ્યક્તિનું 'આંકલન' ફીલ્સટરનાં માધ્યમથી કરીએ છીએ. વ્યક્તિ જીવનમાં દુઃખી એટલા માટે જ થાય છે કે પોતે જ તેના કર્મો પ્રત્યે 'નિષ્ઠાવાન' નથી. તેના જીવનમાં આળસનો પ્રવેશ રહેલો હોય છે. જીવનમાં નિષ્ઠાપૂર્વક કરેલ કામ હંમેશા 'શુભ' ફળ રૂપે મળે જ છે. તેના વ્યક્તિનો આત્મવિશ્વાસ, સભ્યતા અને સમજ જેવા ગુણોને વ્યક્ત કરીને સહજતાથી લોકોને પારખે તેવું મન હોય છે. આ બાબતમાં જીવનમાં સમાજ કે અન્ય કોઈના અભિપ્રાય થી તમારા પર અસર ન થવી જોઈએ. એજ જીવનમાં મહાનતાં સંક્ષીપ્ત કરવાની પહેલી શરત છે. જીવનમાં વ્યવહારીક સભ્યતાથી વ્યવહારીક સરળતા મળે અને અન્યને સભ્યતા શીખવવી એજ સંસ્કાર છે. દરેકને પોતાનાં જીવન-ધોરણ મુજબ જીવવું. પણ અન્યના અભિપ્રાય મુજબ નહી. આ માટે આત્માનો અવાજ તમોને સાચા રસ્યે પહોંચાડશે.

આપણા કર્મનું ફળ 'તત્વપાન' છે તે દરેક જીવ ને કર્મ પ્રમાણે ફળ મળે છે. એમ કહેવાય કે જો ઈશ્વર આપણને આપણા કર્મના ફળરૂપે જ કોઈ નિષ્ફળતા કે જીવનમાં દુઃખની પીડા આપતા હોય તેમાં 'ગ્રહો' કે 'પનોતિઓ' નડે તેમ કેમ કહી શકાય ! ભગવાને શું જ્યોતિષિઓ કે વિધિ-વિધાન કરનારા એજન્ટોને પૃથ્વી પર નિમ્યા છે ? એક વાત સમજો પૃથ્વીપર અનેક જીવો-જાનવરો કે પક્ષીઓને નડતર હશે કે નહી ? પોતે સંવનન કરતાં પહેલા કુંડળી મેળવી હશે ? તેઓ શું વાસ્તુ પૂજન કરીને પોતાના 'માળા' કે 'દર' બનાવે છે ? પૃથ્વી પર માનવી સિવાય અગણિત જીવો છે. તે સૌ પ્રાકૃતિક જીવન સહજ રીતે જુવે છે. માનવી જ ખોટા કામ કરીને જીવનમાં ઉત્તમ ફળ પ્રાપ્તિની લાલસા રાખે છે. આ બાબતમાં સંદેશરૂપે એટલું જ કે સુખ-દુઃખ આનંદ-અજંપો એ જીવનના અનિવાર્ય અંગો છે. તે સહન કરવા માટે દોરા-ધાગા કે 'તાવિજ' વિગેરે ના ધતિંગથી નહી. પણ જીવનમાં સૌભાગ્ય સારા કર્મોથી જ મળે છે. તેમાં સહનશીલ કે બંધનશીલ જેવું કશું જ હોતું નથી. માનવ જીવન 'નિષ્કામ અને નિસ્વાર્થ' થી જ મળે છે અને માનવી મહાન નશીબદારથી બને છે. જીવનમાં ધીરજ અને અધિરાઈ એટલે જીવન 'અનુભવ' અને મંગલકારી જણાય છે. જેમ કે કંકુ, ગુલાલ, શ્રીફળ કે સ્વસ્તિક એ શુભ માંગલ્યના અણમોલ અવસર રૂપ પ્રતિક છે. માણસ જન્મ્યો ત્યારથી તેની સાથે ગુરૂનું 'બ્રહ્મસંબંધ' કે 'કંઠી' નું સામ્રાજ્ય લાગુ પાડીને 'કંઠીમથી' ભાવનાં રૂપ બની ગયો છે. ગુરુ નાં પક્કડમાં જકડાઈ તે 'પ્રેમ' થી કે 'ભય'થી દંડવત કરીને કંઠી બાંધે છે. અને લોકો બંધાવે પણ છે અને ગળા માં લટકાવે છે. જાણે 'પ્રમાણપત્ર' મલ્યું હોય અને જયાં ને ત્યાં કહેતો ફરે છે કે ફલાણા ગુરૂની કંઠી બાંધી છે. આ કંઠી એ તો ઘણાના મગજનું તાળુ મારી દીધુ છે. જાણે કે 'મંગલસૂત્ર' રૂપે ઓળખ હોય. કંઠીની લીલા અપરંપાર છે. તે પહેરનારને ફાકા બાજ બનાવે છે કે હું આ વાડાનો - તે વાડાનો, મારો પંથ આ તમારો પંથ આ. આવુ જ ચાલતુ હોય છે. એક વાત સમજો. કંઠી તુલસીની, સોનાની કે સુતરની હોય તેને 'કંઠભારણ'નું નામ અપાય છે એમ કહેવાય કે કંઠી એટલે "વાદી" કરંડીયામાં સાપ લઈને ફરતો મદારીની કંઠીમાં આવી ગયા તો મદારીની ડુગ-ડુગી ડમરૂ અને તમારો નાચ એજ અનુકરણ છે. કારણ 'કંઠી' છે તો તેવા છે તેવા છે તો કંઠી છે. આમાં ઝુકાવનાર અને ઝુકનાર બન્ને નો તાલમેલ હોય છે. અને જીવન જીવવાનું કાગળનું હોડકુ (તાલ) મલી ગયુ અને જીવનમાં ભળી જઈશું. તેવી ભાવના સાથે સ્વાર્થને ખાતર પણ કંઠી પહેરવાનું મન મનાવે છે. અંતમાં એટલે જ કે સ્વયંમતા હ્રદય પર હાથ મુકીને જોશો તો જવાબ મળશે કે મનુષ્ય માટે જે કાંઈ કરે છે. તે કેવળ ભગવાન જ કરે છે. તેમાં કંઠી તો વિધિ ના રૂપે જ હોય છે. વાસ્તવિકતા નહી. અને જીવનમાં એમ સમજો કે 'અંધશ્રધ્ધાંજ' છે માટે જ કહેવાય કે 'કંઠી' જ 'વંઠી' છે.

## શુભેચ્છા ભેટ

રૂા. ૧,૦૦૧/- ખાખી અલ્પેશભાઈ - મુંબઈ - જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા ભેટ

રૂા. ૫૦૦/- બુચ અશોકભાઈ એચ. - સિહોર - બુચ ધ્રુવ અભ્યાસમાં ફર્સ્ટકલાસ સાથે ગોલ્ડ મેડલ મળેલ તે બદલ શુભેચ્છા ભેટ

રૂા. ૨૫૧/- કંસારા દેવેન્દ્ર કાંતિલાલ બુચ - વિરગામ - ચિ. શ્વેતાના લગ્ન પ્રસંગે શુભેચ્છા ભેટ

રૂા. ૨૫૧/- કંસારા અનતભાઈ રમણીકલાલ બુચ - ભાવનગર - ચિ. ધર્મીનના લગ્ન પ્રસંગે ભેટ.

# MATRIMONIAL

## SWAPNIL VIRENDRABHAI GORADIA



**Date of birth** : May 19, 1998 at 12:00 PM, Sihor, Dist.Bhavnagar
**Height** : 5'4" (165) **Weight** : 51 kg
**Education** : Bachelor of Engineering in Instrumentation & Control
**Occupation** : Software Engineer at Tata Consultancy Services (TCS)

### FAMILY DETAILS

**Grand-Father** : Gunavantrai Harilal Goradia, Sihor, Dist.Bhavnagar
**Father** : Virendrabhai Gunavantrai Goradia
**Father Occupation** : Service in ELECON Eng. Pvt. Ltd.
**Mother** : Urvashiben Virendrabhai Goradia
**Brother** : Manan Virendrabhai Goradia
**Brother Education** : Bachelor of Engineering in IT
**Maternal** : Parmananddas Thakarshibhai Kadvani, Savarkundla

### CONTACT DETAILS

Sureshbhai G. Goradia : 9429034944
Virendrabhai G. Goradia : 9913086552
Address : B/4, Gangotri Park, Gopi Akshar farm Road, Anand - 388001

# MATRIMONIAL

Name : Tejas Dilipbhai Kansara
Father : Dilipbhai Laljibhai Kansara
Mother : Nehaben Dilipbhai Kansara
Brother Name : Yashbhai Dilipbhai Kansara (Younger Brother)
Grand Father : Laljibhai Parshotambhai Kansara ( S A T I M A V A N S A N BHANDAR)
Surname : Khakhi



DOB : 22-01-1998
Birth Time : 05:15 AM
Birth Place : Halvad
Degree : BBA
Height : 5' 5"
Weight : 60 KG
Contact : 90166412126 Pareshbhai Khakhi
9016815919 Dilipbhai Khakhi
7878840800 Laljibhai Khaki

# MATRIMONIAL

Name : Fenil Jayeshkumar Kansara
Credit Manager at Grwoth Souce Financial Technology Pvt. Ltd.



DOB : 03-10-1992
Languages : English, Hindi, Gujarati
Interests : Music, Cricket, Traveling
Height : 5'5"
Weight : 66 KG
Hobbies : Playing Drumset, Cricket & Traveling
Contact : WhatsAPP : +91 74054 56880
Email : feniljkansara@gmail.com
Address : 6/1488, Kansara Sheri, Mahidharpura, Suarat-3
Education : Schooling : Gajera Vidhyabhavan, Surat
Graduation : Bachelor of Business Administration (B.B.A.) From V.N.S.G.
Experience : I have experience of working in a C.A. firm.
Previously I have worked as Credit Analyst in Indiabulls Bank Finance & Kotak Mahindra Bank
Currenly working as a Relationship Credi Manager at Yes Bank
Father's Name : Jayeshkumar M. Kansara (Service)
Mother's Name : Jaymini J. Kasnara (Housewife)
Borther : Priyesh J. Kansara
Grandfather : Madhusudan J. Kansara
Grandmother : Indumati M. Kansara




# જ્ઞાતિ ..ગૌરવ

બળવંતભાઈ જે કંસારા, ઉંમર ૭૫ વર્ષ, એ તાજેતરમાં ભાવનગર ખાતે રમાયેલ ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાત રાજ્યમાં ૭૪ + વય જૂથમાં બીજો નંબર પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરી પોતાની યશ કલગીમાં એક વધુ પીછું ઉમેર્યું છે.

તેઓ ઇન્દોર ખાતે ૧૭/૨/૨૫ થી ૨૩/૨/૨૫ રમાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે સતત છઠ્ઠી વખત ગુજરાત સ્ટેટ તરફથી પસંદ પામેલ છે. ખુબ ખુબ અભિનંદન.

અગાઉ પણ તેઓશ્રી એ શ્રીલંકા, થાઈલેન્ડ અને દોહા - કતાર ખાતે ઇન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ અને ૨૦૧૯ માં તેઓએ દોહા - કતાર ખાતે Inter National કક્ષા એ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ, તદુપરાંત રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પણ તેમને મેડલોપ્રાપ્ત કરેલ છે અને કંસારા સમાજનું ગૌરવ વધારેલ છે.

૭૫ વર્ષની ઉંમરે પણ તેમનો રમત પ્રત્યેનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે. 'ઉત્સાહ હોય તો ઉંમરનો પડાવ નડતો નથી'.

યુવાનોને પ્રેરણા રૂપ બળવંતભાઈ કંસારાનુ સ્વાસ્થ્ય સારું રહે અને રમત પ્રત્યેની અભિરુચિ જળવાઈ રહે તેવી શુભેચ્છા પાઠવે છે.

રમતગમતની સાથે સાથે શ્રી બળવંતભાઈ કંસારા સમસ્ત કંસારા સમાજના કારોબારીના સક્રિય સભ્ય છે અને સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોમાં પણ રસ ધરાવે છે..

અભિનંદન અને શુભેચ્છા..



RNI No.GUJGUJ/2009/30908, Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

**Kansara Modler Limited**
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

**World Class Rollers For The Whole World**

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષો દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સતત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી ભરતભાઈ સી. શેઠ દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના : ૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડ હાંસિયો રાખી એક સાઈડ સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦